ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૭ ડીગ્રી
ભેજ
સવારે ૯૮ ટકા ● સાંજે ૯૨ ટકા

# આજે હરિયાળા ગાંધીનગરનો ૫૯મો સ્થાપના દિવસ ઉજવાશે

## વસાહત મહામંડળ જીઇબી કોલોની ખાતે વૃક્ષારોપણ કરશે : વસાહત મહાસંઘ સે.૫માં કેક કટિંગ, વૃક્ષારોપણ ઉપરાંત પાટનગર માટે જમીન આપનાર અસરગ્રસ્ત ખેડૂતોનું સન્માન કરશે

ગાંધીનગર, તા. ૦૧

ગુજરાતના પાટનગર તરીકે ગાંધીનગરની સ્થાપનાને ૫૮ વર્ષ પૂર્ણ થયાં છે. આવતીકાલે તા. ૨જી ઓગસ્ટ બુધવારના રોજ ગાંધીનગર શહેરનો ૫૯મો સ્થાપના દિવસ હર્ષ અને ઉલ્લાસથી ઉજવાશે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા પાટનગરના સ્થાપના દિન નિમિત્તે જીઇબી કોલોની જ્યાં શહેરની સ્થાપનાની પ્રથમ ઈંટ મૂકવામાં આવી હતી તે સ્થળે સવારે ૯ કલાકે દીપ પ્રાગટ્ય અને વૃક્ષારોપણ સહીત ઉજવણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત શહેરમાં વસાહત મહાસંઘ દ્વારા સેક્ટર-૫માં સિનિયર સિટીઝન હોલ ખાતે કેક કટિંગ અને વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠકના ધારાસભ્ય રીટાબેન પટેલ તથા મેયર, ડેપ્યુટી મેયર સહિતના આગેવાનો હાજરી આપશે.




ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરુણભાઈ બુચે જણાવ્યું હતું કે " દર વર્ષની જેમ ગાંધીનગરના સ્થાપના દિન નિમિત્તે જીઇબી કોલોની ખાતે જ્યાં પાટનગરના નિર્માણની પ્રથમ ઈંટ મૂકવામાં આવી હતી ત્યાં શહેરના ૫૯માં સ્થાપના દિનની ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં દીપ પ્રાગટ્ય બાદ વૃક્ષારોપણ કરવામાં આવશે. આ પછી જીઇબી કોલોનીના હોલ ખાતે પાટનગરની સ્થાપના અને તેના વિકાસને અનુલક્ષીને સ્મૃતિઓ વાગોળવામાં આવશે." બીજી તરફ ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા પણ સે.૫માં સીનીયર સીટીઝન હોલ ખાતે પાટનગરના સ્થાપના દિવસની ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણી અંતર્ગત શહેર વસાહત મહાસંઘ તથા શહેરના વિવિધ સેકટરોના સંલગ્ન વસાહત મંડળો શહેરની સામાજિક સેવાકીય સંસ્થાઓ સેકટર ૫ વસાહત" મંડળ સિનિયર સિટીઝન સેવા મંડળ તથા સેકટર ૫ યોગ પરિવાર તથા મહિલા મંડળોના સંયુક્ત ઉપક્રમે કેક કાપવામાં આવશે તેમજ વૃક્ષારોપણ કરી, ત્રિરંગાના રંગના ફુગ્ગા આકાશમાં ઉડાડી તથા પાટનગરની રચનામાં જીલ્લાના જે ૧૪ગામના ખેડૂત આગેવાનોએ પોતાની મહામૂલી જમીન આપી છે તેવા અસરગ્રસ્ત ખેડુત આગેવાનોને યાદ કરી તેમણે શાલ ઓઢાડી તથા ફુલછડી આપી જાહેર સન્માન કરવામાં આવશે. આ ઉપરાંત શહેરની વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા પણ શહેરના સ્થાપના દિન નિમિત્તે વિવિધ રચનાત્મક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

## પાણી ગટર વેરા વસુલાતના ૨ હજાર બાકીદારોને ઓગષ્ટમાં નોટીસ અપાશે

### પાંચ મહિનાના અંતે પણ હજુ વેરા વસુલાતનું ચિત્ર નિરસ

ગાંધીનગરમાં સ્માર્ટ સિટી અન્વયે અનેકવિધ વિકાસ કામો હાથ ધરવામાં આવ્યા છે જ્યારે માળખાગત સુવિધાઓને પણ અપગ્રેડ કરવામાં આવી રહી છે પાણી ગટરની નવી લાઈન નાખવાનું કામ પણ પ્રગતિ હેઠળ છે જ્યારે પાણી ગટર વ્યવસ્થા માટે સરકાર દર વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે પરંતુ પાણી ગટર ની સુવિધા પાછળ થતાં ખર્ચ સામે જોડાણકર્તાઓ નજીવો વેરા ચૂકવવામાં પણ રસ દાખવતા નથી જેના લીધે તંત્ર ના ચોપડે જૂના બાકી માંગણનો આંકડો મોટો છે ગત માર્ચ થી હાથ ધરાયેલી ઝુંબેશ ના અંતે પાંચ મહિના બાદ અંદાજિત ૨ હજાર બાકીદારોને હવે ઓગષ્ટ મહિનામાં નોટીસ આપવામાં આવશે

પાટનગર યોજના વિભાગ દ્વારા વેરાના બિલની રકમ પર ઝુંબેશ દરમિયાન વળતરનો લાભ પણ આપવામાં આવે છે ૨.૨૫ કરોડના માગણા સામે માત્ર ૯૪ લાખની વસૂલાત સાથે નિરસ ચિત્ર ઉપસી આવ્યું છે જ્યારે વસુલાત ઝુંબેશના ચાર મહિના બાદ પણ છૂટક ચુકવણા નો આંકડો પણ વિશેષ નથી કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ દોઢ દાયકાના અંતે પણ પાટનગર યોજના દ્વારા શહેર અને તેમાં સમાવિષ્ટ ગામોમાં પાણી ગટરની વ્યવસ્થા પુરી પાડવામાં આવે છે . જ્યારે પાણી અને ગટર વેરા ની એડવાન્સ વસુલાત કરવામાં આવે છે જ્યારે ૩૧મી માર્ચ સુધીમાં વેરાની ચૂકવણી કરનારા ગ્રાહકોને બિલની રકમના ૧૦ ટકા વળતરનો લાભ આપવામાં આવે છે આ વર્ષ દરમિયાન પણ રૂ ૨.૨૫ કરોડની સામે તંત્રએ માંડ ૫૦ થી ૫૫ ટકા વસુલાત કરી છે જ્યારે ગત વર્ષે પણ ઝુંબેશના અંતે માત્ર ૮૦ લાખની જ વસુલાત થઈ હતી

વેરાના બિલની વસૂલાત સંદર્ભે ગ્રામ્ય વિસ્તારની સાપેક્ષમાં શહેરી વિસ્તારની સ્થિતિ કઈક ઠીક છે શહેરી વિસ્તારના જોડાંકર્તાઓ વેરો ચૂકવવામાં નીરસતા દાખવે છે. શહેરમાં પાણી ગટરની વ્યવસ્થા નિભાવવા તોતિંગ ખર્ચ કરવામાં આવે છે જેની સામે નજીવા વેરાની વસુલાત પણ નોંધનીય નથી ખેર વેરો નહી ચૂકવનાર સામે પણ તંત્ર આકરા પગલાં લેવામાં લાચારી અનુભવે છે ત્યારે હવે દર વર્ષની જેમ ચાલુ મહિનામાં અંદાજિત ૨ હજાર જેટલા બાકીદારોને નોટીસ આપવાની તૈયારી કરવામાં આવી રહી છે

## રાજ્યમાં ઓગસ્ટમાં પણ ભારે વરસાદ પડશે : અંબાલાલ પટેલની આગાહી

### ગુજરાતમાં આ વર્ષે ભેજનું પ્રમાણ વધુ હોવાથી ભારે વરસાદ પડશે

ગાંધીનગર, તા.૧

ગુજરાતમાં આ વર્ષે સિઝનની શરૂઆતથી જ સતત વરસાદ પડી રહ્યો છે. પહેલા તો ઓગસ્ટમાં વરસાદનું જોર ઘટી જતું હતું. પરંતુ આ વર્ષે ઓગસ્ટમાં પણ ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. દરમિયાન હવામાનશાસ્ત્રી અંબાલાલ પટેલે ભારે વરસાદની શક્યતા દર્શાવી છે. અંબાલાલ પટેલના મતે આ વખતે ઓગસ્ટ મહિનામાં ભારે વરસાદ પડી શકે છે.

આજથી ઓગસ્ટ મહિનો શરૂ થયો છે. આવી સ્થિતિમાં ઓગસ્ટ મહિનામાં વરસાદ વિશે હવામાનશાસ્ત્રી અંબાલાલ પટેલની આગાહી સામે આવી છે. અંબાલાલ પટેલે ઓગસ્ટ મહિનામાં ભારે વરસાદની સંભાવના વ્યકત કરી છે. સામાન્ય રીતે ઓગસ્ટ મહિનામાં વરસાદની તીવ્રતા ઘટી જાય છે, પરંતુ અંબાલાલ પટેલે આશંકા વ્યક્ત કરી છે કે ગુજરાતમાં આ વર્ષે ભેજનું પ્રમાણ વધુ હોવાથી ભારે વરસાદ પડશે.

અંબાલાલ પટેલના જણાવ્યા અનુસાર તા. ૧લી થી ૯ ઓગસ્ટ સુધી તેજ પવન સાથે ભારે વરસાદની શક્યતા છે. કચ્છ અને ઉત્તર ગુજરાતમાં ૩૦ કિમી પ્રતિ કલાકથી વધુની ઝડપે પવન ફૂંકાય તેવી શક્યતા છે. અંબાલાલ પટેલના મતે આ મહિને ઉત્તર અને મધ્ય ગુજરાતમાં ભારે વરસાદ પડી શકે છે. અંબાલાલ પટેલે જણાવ્યું હતું કે સોમાલિયા તરફથી આવતા પવન ભારે ભેજ લાવશે, તેથી વરસાદ પણ ખૂબ પડશે. આ સાથે સુરત અને નવસારી વિસ્તારમાં પણ ભારે વરસાદ પડી શકે છે.

અંબાલાલ બાદ હવામાન વિભાગે પણ ૧ ઓગસ્ટે વલસાડ, તાપી, ડાંગ, સુરત, નવસારી, નર્મદા, ભરૂચ, વડોદરા, છોટાઉદેપુર, દાહોદ, મહિસાગર, અમરેલી, જૂનાગઢ, ગીર સોમનાથ, અરવલ્લી, સાબરકાંઠામાં વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. દરિયામાં મોજા અને ભારે પવનની સંભાવનાને કારણે માછીમારોને દરિયામાં ન જવા ચેતવણી આપવામાં આવી છે. રાજ્યના ૧૫૨ તાલુકાઓમાં છેલ્લાં ૨૪ કલાકમાં વરસાદ નોંધાયો છે.

## પૂજારીએ મહિલાની એકલતાનો લાભ લઈ આચર્યુ દુષ્કર્મ

અમદાવાદ, તા.૧

અમદાવાદમાં મહિલાએ પોતાના ઘરમાં પૂજા કરવા પૂજારીનો સંપર્ક કર્યો અને બાદમાં એક દિવસ પુજારીએ મહિલાની એકલતાનો લાભ લઈને પરણિત મહિલા પર દુષ્કર્મ આચર્યું હોવાની ઘટના બની હતી. મહિલાની ફરિયાદને આધારે પોલીસે પૂજારીની ધરપકડ કરી છે. પોલીસ કસ્ટડીમાં ઝડપાયેલો શખ્સ બ્રિજેશ ત્રિવેદી જે જ્યોતિષ બનીને ઘરમાં કથા અને પૂજા કરવાના બહાને એક મહિલા સાથે દુષ્કર્મ કર્યું હોવાની ફરિયાદ બાદ નિકોલ પોલીસે આરોપીની ધરપકડ કરી છે. નવા નરોડામાં રહેતા આરોપી બ્રિજેશ ત્રિવેદીને નિકોલની મહિલાએ ઘરમાં સત્યનારાયણની કથા કરવાં માટે સંપર્ક કર્યો હતો.

પૂજાનો સામાનનું લિસ્ટ આપવાના બહાને આવ્યો અને મહિલાની એકલતાનો લાભ લઈને તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું.

## જન્મદિને વધામણી


દર્શ ચેતનકુમાર ભટ્ટ


ઈન્દ્રવદનસિંહ એ. વાઘેલા


દિનેશ પરમાર


શૈલેષકુમાર મજમુદાર
મો. ૬૩૫૭૧ ૫૦૨૨૦


જીતેન્દ્ર પરમાર


ખૂબ ખૂબ અભિનંદન

ધી ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેંક લિ.

ગાંધીનગર સ્થાપના દિને સર્વે નગરજનોને ખૂબ ખૂબ અભિનંદન અને શુભકામનાઓ પાઠવે છે.

અન્ય બેંકની તુલનાએ અમારી બેંકના આકર્ષક લોન વ્યાજદર

- વ્હીકલ લોન માત્ર ૮.૫૦%
- કોમર્શીયલ વ્હીકલ લોન માત્ર ૯.૫૦%
- સોલાર પ્લાન્ટ લોન માત્ર ૯.૦૦%
- પર્સનલ મોર્ગેજ લોન માત્ર ૧૨.૦૦%
- મકાન ખરીદી લોન માત્ર ૮.૫૦%
- શૈક્ષણિક લોન માત્ર ૧૦.૫૦%

બેંકની અન્ય સેવાઓ અને વિશેષતાઓ

- ફીક્સ ડિપોઝીટ ઉપર ૬.૭૫% વ્યાજ તેમજ સિનિયર સિટિઝનો માટે ૦.૫૦% વધારે
- વ્હીકલ લોન માત્ર એક જ દિવસમાં
- કોઈપણ પ્રકારની લોનમાં "૦" પ્રોસેસીંગ ફી
- રૂપે કાર્ડ, IMPS, મોબાઈલ બેંકીંગ, નેટ બેંકીંગ, E-Com અને UPI જેવી આધુનિક સુવિધા.
- RTGS/NEFT તથા લોકરની સુવિધા
- બચત/ ચાલુ ખાતુ ખુલતાની સાથે જ Instant RuPay (ATM) Cardની સુવિધા

બેંક દ્વારા અપાતી અન્ય સેવાઓનો લાભ લેવા માટે તમારી નજીકની શાખાની મુલાકાત લો.

બેંકની સભાસદ યાદી સુધારણા ઝુંબેશ અંતર્ગત બેંકના કાર્યક્ષેત્રમાં રહેતા સભાસદોએ જો KYC પૂરા પાડેલ ન હોય તો પૂરા પાડવા તથા કાર્યક્ષેત્ર બહારના તથા અવસાન પામેલ સભાસદોએ શેરના નાણાં પરત મેળવી લેવા વિનંતી છે.

ધી ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેંક લિ.

Telephone No. 079 232 21985/47215/47216,

website : www.gncb.co.in, Email : info@gncb.co.in

રજિ. ઓફિસ-પ્લોટ નં. ૩૯૧, ઘ-૪II, સેક્ટર-૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬



ગાંધીનગરના ૫૯માં સ્થાપના દિને સર્વે નગરજનોને હાર્દિક શુભેચ્છાઓ સહ...



શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલા
પ્રમુખશ્રી - કોંગ્રેસ
ગાંધીનગર મહાનગર પાલિકા ગાંધીનગર